સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ગુનેગારો જિજીવિષા માટે કાવાદાવા કરે છે,
ને નિર્ભયાનો ન્યાય ભૂલભૂલામણીમાં ફરે છે.
ભરે છે પાણી ચૂકાણા દુષ્કર્મીઓની ગૅંગ ને ઘરે -
ને કાયદાની આંટીઘૂંટીથી ન્યાય પણ ડરે છે?!
(કોર્ટો પણ સાત ગળણે ગાળી પાણી પીએ છે)

હાઈકુ

ન્યાય ને ખાંસી,
ગુનેગારોને ફાંસી -
થાય છે હાંસી...
(ખોળંગાતો ચૂકાદો)

છીએ સરખા -
આવ ભાઈ હરખા -
ક્લીનચીટમાં...
પાંચ-સાંત મતે ટ્રંપ બચ્યા)

ચિંતન

વને રણે શત્રુજલાગ્નિ મધ્યે, મહાર્ણવે પર્વતમસ્તકે વા ।
સુપ્તં પ્રમત્તં વિષમસ્થિતં વા, રક્ષન્તિ પુષ્પાણિ પુરાકૃતાનિ ॥

ઉપરોક્ત શ્લોક ભર્તુહરિના નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

પુણ્યનું સામર્થ્ય કેટલું મોટું છે એ સમજાવવામાં આવ્યું છે.

વનમાં, રણમાં, શત્રુઓની મધ્યમાં, પાણીના ઊંડાણમાં, અગ્નિ વચ્ચે, પણ, મોટા સમુદ્રમાં અથવા પર્વતની ટોચ પર પણ જો માણસ સૂતેલો હોય અને ગમે તેવી અસાવધ અવસ્થામાં હોય કે કોઈ આપત્તિની ક્ષણોમાં હોય ત્યારે તેણે પૂર્વજન્મમાં કરેલા પૂણ્યો જ તેનું રક્ષણ કરે છે.

સત્કર્મો હોય એ એક પ્રકારની ફિક્સ ડિપોઝીટ છે. એ કોઈ પણ મુદ્દતે કોઈ પણ જન્મે એનો સમય થાય ત્યારે પાકે છે. ઘણીવાર આપણને આશ્ચર્ય સાથે ઈશ્વરકૃપા થતી જોવા મળે છે એનું કારણ આ સત્કર્મોનું પાકવું છે.

ઈશ્વરના ચોપડે નાનાં મોટાં દરેક સત્કર્મ કુકર્મની નોંધ થઈ જાય છે અને દરેકનું ફળ વ્યાજ સાથે મળે છે. કહેવાય છે સત્કર્મ કર્યું હોય તો દસ ગણું કરી ભગવાન તેનું પરિણામ આપે છે. આથી જ સજ્જન લોકો દુષ્કર્મોથી દૂર રહેવા સદાને માટે પ્રયત્નશીલ હોય છે.

સુવિચાર

- બહુત મુશ્કિલ હૈ ઉસ શખ્સ કો ગીરાના... જીસકો ચલના ઠોકરોંને સીખાયા હો... - **અનિલ નિરંજની**
- યક્ષે યુધિષ્ઠિરને પૂછ્યું, 'માણસને ભણનાં અંધકારમાંથી મુક્ત કોણ કરે છે?'
  ત્યારે યુધિષ્ઠિરને તરત કહ્યું, 'આત્મબળનાં અજવાળાં...' - **વિચારયાત્રા**
- 'જુનૂન' આપ સે વો કરવાતા હૈ, જો આપ નહીં કર સકતે... 'હોંસલા' આપસે વૉ કરવાતા હૈ, જો આપ કરતા ચાહતે હૈ..., 'અનુભવ' આપસે વો કરવાતા હૈ, જો આપ કો કરના ચાહિએ - **શોભન દેસાઈ**
- તમારા હૃદયમાં પ્રેમ રાખો,
  એના વિના જીવન ફૂલોનાં મૃત્યુ પામ્યા પછી ઉદાસ બગીચા જેવું છે - **ઓસ્કાર વાઈલ્ડ**
- ઉડવાની હિંમત હોય તો પાંખ ફૂટે, બાકી બેસી રહો તો કિસ્મત પણ ફૂટે - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવતા માણસ પરથી ઊઠ્યો વિશ્વાસ ને, પછી થઈ શરુઆતો સોગંદની - **જીવન પાથેય**
- આજનું ઔષધ : અંકોલના મૂળનું ચૂર્ણ સવાર-સાંજ અડધી ચમચી નવશેકા પાણી સાથે લેવાથી કબજિયાત મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

કોઈ પણ કામને પૂરતી લગ્નીથી કરવું તો સરળતા ચોક્કસ મળે છે. મહાન લોકોએ એવી તન્મયતા અને લગનશીલતાનો પરિચય આપીને જ પોતાના લયને હાંસલ કર્યું છે.

અકબરના નવ રત્નોમાંના એક વિદ્વાન ટોડરમલે ઉત્તમગ્રંથ 'મોક્ષમાર્ગ' માટે દિવસ-રાત એક કરી દીધા હતા. એમનું સંપૂર્ણ ધ્યાન લેખન પર કેન્દ્રિત હતું. તેમને ખબર પણ ન પડી કે દીવસ, મહીના વર્ષ વીતી ગયા. લાંબા અંતરાલ બાદ એક દિવસે તેમની સાથે ભોજન કરવા બેઠા. ટોડરમલે એક કોળિયો ખાધો અને માતાને પૂછ્યું, 'આજે શાકમાં મીઠું નાખવાનું ભૂલી ગયા છો.'

માતાએ કહ્યું, 'લાગે છે કે આજે તારો ગ્રંથ પૂરો થઈ ગયો છે.' ટોડરમલે કહ્યું, 'હા, મા આજે મારો ગ્રંત પૂરો થઈ ગયો છે. પણ તમને કઈ રીતે ખબર પડી કે મારો ગ્રંથ પૂરો થઈ ગયો છે ? મેં તો તમને કહ્યું પણ નથી.'

માતાએ કહ્યું, 'બેટા છેલ્લા દસેક દિવસથી શાકમાં જાણી જોઈને કોઈને કોઈ મસાલો ઓછો નાખતી હતી, કે બહાને તું મારી સાથે થોડી વાર વાત કરે. પરંતુ તું ગ્રંથના લેખનમાં એટલો મશગુલ હતો કે તને સ્વાદની કમીની ખબર જ ન પડી.'

અનામત અંગે સુપ્રીમના નિરીક્ષણ મુદ્દે કેન્દ્ર અવઢવમાં

તંત્રીસ્થાનેથી...

ઉત્તરાખંડની સરકારના અનામત ક્વૉટાના પ્રમોશન મુદ્દે સુપ્રીમ કોર્ટે દૂરોગામી અસરો ધરાવતો ચુકાદો આપી ફરી એક વાર કેન્દ્ર અને રાજ્ય સરકારોને અવઢવમાં મૂકી દીધી છે. સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે કે રાજ્યોની સરકારો નિમણૂકોમાં અનામત આપવા માટે બંધાયેલી નથી. વળી પ્રમોશનોમાં પણ ક્વૉટાનો દાવો કોઈ બંધારણીય અધિકાર નથી. સુપ્રીમ કોર્ટના બે વિદ્વાન ન્યાયાધીશો જસ્ટિસ નાગેશ્વર રાવ અને હેમંત ગુપ્તાની ખંડપીઠે આવો ચુકાદો આપતાં સ્પષ્ટ કર્યું છે કે કોર્ટ અનામતો પૂરી પાડવા માટે રાજ્ય સરકારોને નિર્દેશ જાહેર ન કરી શકે. ઉત્તરાખંડની રાજ્ય સરકારે અનામત ક્વૉટાની ગણતરી કર્યા વગર તમામ સરકારી હોદ્દાઓની લહાણી કરી દેતાં એનો આ નિર્ણય હાઈકોર્ટમાં પડકારાયો હતો. હાઈકોર્ટે આ મુદ્દે રાજ્ય સરકારની વિરુદ્ધ સ્ટેન્ડ લેતાં એની સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરાઈ હતી. મૂળ મુદ્દો સરકારી નોકરીઓમાં અનામત વર્ગોની અપેક્ષાથી તદ્દન વિરુદ્ધ આવતા જાતિ અને અનુસૂચિત જનજાતિ તથા ઓબીસીની વોટ બેંક સાચવવા નિવેદનબાજી શરૂ કરી દીધી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે જો રાજ્યો પોતાના અધિકારનો ઉપયોગ કરીને આવી જોગવાઈ કરવા માંગતા હોય તો જાહેર સેવાઓમાં બે વર્ગોના પ્રતિનિધિત્વની અપૂર્ણતા દર્શાવતા ડેટા રજૂ કરવા જોઈએ. સરકારી જગ્યાઓમાં નિમણૂક અને પ્રમોશનના મામલે અનામતો જરૂરી છે કે કેમ તે રાજ્ય સરકારોએ જાતે નક્કી કરવાનું રહે છે. બંધારણની કલમ ૧૬(૪) અને ૧૬(૪-અ) રાજ્યને અનુસૂચિત જાતિ - જનજાતિની તરફેણમાં નિમણૂક અને પ્રમોશનના મામલે અનામત આપવા રાજ્યને સત્તા આપે છે; જો કે તે પહેલાં રાજ્યને લાગવું જોઈએ કે આ જાતિઓનું રાજ્યની સેવાઓમાં પૂરતું પ્રતિનિધિત્વ નથી. સુપ્રીમ કોર્ટનાં અનામત વિષયક તારણોએ ફરી એક વાર મધપૂડો છંછેડ્યો છે... અનુસૂચિત જાતિનું પ્રતિનિધિત્વ કરતા બિહારના નેતા રામવિલાસ પાસવાન અને એમના સુપુત્ર ઉપરાંત જદ(યુ)ના મહામંત્રી કે સી ત્યાગીએ આ મુદ્દે સરકારે સ્પષ્ટતા કરવી જોઈએ એવું વલણ લીધું છે. મોદી સરકાર સામે અનામત વિરોધી હોવાની ફરિયાદો થતી રહી છે તેથી તેઓ આ વિશે કોઈ ઉતાવળિયો નિર્ણય લેવાનું ટાળશે એવું લાગે છે. એટ્રોસિટી ઍક્ટ સંદર્ભે સુપ્રીમ કોર્ટના આદેશનું પલાન કરવાનો નિર્ણય કર્યા પછી ઊભા થયેલા સંજોગોમાં કેન્દ્ર સરકારે પોતાનો નિર્ણય બદલવા મજબૂર કરી હતી. જૂના કાયદાને પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય કરીને પરિસ્થિતિને કાબૂમાં લેવામાં આવી હતી. જાતિઓ અને પેટા જ્ઞાતિઓમાં વહેંચાયેલા દેશમાં એક વાર શરૂ થઈ ગયેલ રાહતોને પરત લેવી એ ઘણું અઘરું કામ છે. અનામતનો લાભ અનુસૂચિત - જાતિ અને જનજાતિના ગરીબ તબક્કાને જ મળવો જોઈએ એને બદલે અમુક સ્તર સુધી પહોંચેલા લોકો જ લેતા રહે છે, જેને અટકાવવા 'ક્રીમી લેયર' ના લોકોને આ લાભો ન મળે તેવી તકેદારી રાખવાની જરૂર ઊભી થઈ છે. અનામતની કાખઘોડી પર સવાર થઈ સરકારી પદો પર પહોંચવાનો સુગમ રસ્તો આવા ક્રીમી લેયરના લોકોને માફક આવી ગયો હોય ત્યારે સરકારની ફરજ બને છે કે એવો લાભ જે ખરેખર એના માટે લાયક હોય એટલા જ લોકો સુધી સીમિત રહે. રાજકીય પક્ષો આ વર્ગોની સહાનુભૂતિ મેળવવવા પ્રમોશનોમાં અને ખાનગી એકમોમાં પણ અનામતોની તરફેણ કરતાં રહ્યા છે. એની સામે બિન અનામત વર્ગોમાં ભારે અસંતોષ સરજાતો રહ્યો છે; આંદોલનો થતાં રહ્યાં છે જેનો ગુજરાતને સવિશેષ પરિચય છે. સવર્ણ સમાજની જ્ઞાતિઓને આર્થિક ધોરણે અનામત આપવાનો નિર્ણય કરીને રાજ્ય સરકારે એવાં આંદોલનોને શમાવવા પ્રયાસ કરેલ છે તે સર્વવિદિત છે. ફરી એક વાર અનામત આંદોલનની હોળી ન ખેલાય તે જરૂરી છે.

પ્રેમના દીવડા જ્યાં પ્રગટે છે ત્યાં પ્રસન્નતાના અજવાળા રેલાય...

અજવાળું - અજવાળું
તુષાર જોશી

આનંદ એના સ્કૂટર પર ધીમે ધીમે રસ્તા પરથી પસાર થઈ રહ્યો હતો. અચાનક એનું ધ્યાન ગયું કે આગળ જઈ રહેલી આઈ-૨૦ કારની ડ્રાઈવર સીટમાંથી જમણો હાથ બહાર આવ્યો અને તેના દ્વારા પોતાને વાહન રોકવા ઈશારો થઈ રહ્યો છે. નવાઈ લાગી કે કોણ હશે ? શું હશે ? હાથમાં પહેરેલી ઘડિયાળ - બંગડી અને વસ્ત્રો પરથી ખ્યાલ આવ્યો કે કોઈ યુવતી છે, જે એને રોકી રહી છે. ગાડી સાઈડમાં ઊભી રહી... એણે પણ આગળ જઈને પોતાનું સ્કૂટર રોક્યું. એ યુવતી કારમાંથી બહાર આવી... બંનેના વાક્યો એકબીજામાં ભળ્યા... અને એ બંને પણ એકબીજાને વ્હાલથી મળ્યા, વાસ્તવમાં બંનેની આંખોમાં હર્ષના... વર્ષો બાદ મળ્યાના આંસુ હતા...

તહા, એ અનાહિતા હતી, આનંદની પરમ મિત્ર... આનંદની એકમાત્ર સખી...

બંનેનો પરિચય કૉલેજમાં થયો હતો. આનંદ ભણવા ઉપરાંત વકતૃત્વ-નાટક અને રમત-ગમતની પ્રવૃત્તિમાં ભાગ લેતો હતો અને અનાહિતાને માત્ર ને માત્ર ભણવામાં જ રસ હતો. બંનેના મુખ્ય વિષયો પણ જુદા જુદા... તો મળવાનું કયાં બને ? અંગ્રેજી વિષયના લેકચરમાં.... અઠવાડિયાના ત્રણ દિવસ અંગ્રેજી ભણવામાં બંને મળતા થયા... હસતા થયા... કયારેય કૉલેજમાં કેન્ટીનમાં કે બહાર સિનેમાના જવાનો ખ્યાલ પણ બંનેને ન આવ્યો... એ છતાં એટલું ચોક્કસ કે જયારે પણ મળે ત્યારે પૂર્ણ પ્રેમથી - શ્રદ્ધાથી - વિશ્વાસથી બંનેની આંખો જાણે વાતો કરે...

અંગ્રેજીના ટીચર પાસેથી આઈ.એમ.પી પ્રશ્નોની યાદી મળી તો કોઈને ય નહિ આપુ એમ કહીને એ અનાહિતાને તો આપી જ આવ્યો... 'કોઈને નથી આપવાના તો મને કેમ ? એમ અનાહિતાએ પૂછ્યું તો જવાબ આપ્યો કે, 'તું પરમ મિત્ર છે એટલે....' મિત્રતાના દિવસોનો રંગ ચડતો ગયો અને ત્રણ વર્ષ પૂરા પણ થઈ ગયા...

એક દિવસે અનાહિતાએ કહ્યું, 'મારા લગ્ન નક્કી થયા છે...' આનંદ રાજી તો થયો... મૌન પણ ... લગ્નમાં શું ભેટ આપવી એ પ્રશ્નનો જવાબ મળતો ન હતો ને આખરે 'શ્રદ્ધા' લખેલી ફ્રેમ ભેટ આપી... અનાહિતા લગ્ન કરીને ગઈ તે ગઈ... કોઈ સંપર્ક નહિ... પાંચેક વર્ષ પછી આજે આમ રસ્તા પર મળી... બંનેએ કૉફી પીધી... નિયમિત મળતા રહ્યા...

પાંચ વર્ષના લગ્ન જીવનમાં દાંપત્યની ભેટ રૂપે ત્રણ વર્ષના એક દીકરાને લઈને એ સિંગલ મધર તરીકે પરત આવી હતી. પપ્પાના પરિવારનો સપોર્ટ અને સારી નોકરી હતી એટલે આર્થિક ચિંતા તો ન હતી... આનંદ અને તેની પત્ની તથા દીકરીએ આહિતા અને દીકરાને સાચા અર્થમાં મિત્ર, પરમ મિત્ર બનીને વધાવ્યા. અનહદ અને અપરંપાર મૈત્રીની સુગંધથી તરબતર રહ્યા...

સમય જતા આનંદના જ એક મિત્ર સાથે અનાહિતાના લગ્ન થયા. લગ્ન બાદ પણ અર્થપૂર્ણ - પ્રેમપૂર્ણ મૈત્રીનો - પ્રેમનો આનંદ અનુભવી રહ્યા છે આ બંને મિત્રો.... વેલેન્ટાઈન ડે આવે ત્યારે એમણે એકબીજાને કોઈ ગીફ્ટ આપવી પડતી નથી અને છતાંયે પ્રેમની અનહદ બાની એમના સંબંધોમાં સતત ગુંજારવ કરતી રહે છે.

વેલેન્ટાઈન ડે આવે એટલે આવા દેશ્યો - પાત્રો નજર સામે આવે જેમાં કયાંકે અછકલાઈ નહિ પરંતુ નીતર્યો પ્રેમ જ સમાયેલો હોય... પ્રેમના નામે ચાલતા ખેલ હંમેશા પરખાઈ જતા હોય છે અનેએમાં રમનારાને પણ એનો ખ્યાલ હોય જ છે.

વાસ્તવમાં પ્રેમ વિશે લખવા કરતા, બોલવા કરતા પ્રેમ કરવો એ જ શ્રેષ્ઠ અનુભૂતિ છે. અનુભવનું સત્ય એ છે કે આપણને કોઈ પ્રેમ કરે છે અને કોઈને આપણે પ્રેમ કરીએ છીએ એનાથી ઉચ્ચ, એનાથી વધુ ઉત્તમ અનુભૂતિ આ વિશ્વમાં કોઈ જ ના હોઈ શકે... આવા પ્રેમના દીવડા જયાં જયાં પ્રગટે છે ત્યાં ત્યાં પ્રસન્નતાના અજવાળા રેલાય છે.

પારિજાતની મીઠી સુગંધથી તરબતર આ પત્રનું સરનામું આપણું હૃદય છે

વિચારયાત્રા
ડો. જય ઓઝા

ये मेरा प्रेम पत्र पढकर की तुम नाराज ना होना
Hi Jaanu

મને ન ઓળખ્યો ? હું પ્રેમ... તારા ઘરની પાછળની ગલીમાં જ પારીજાતના ઝાડથી ઢંકાયેલ જે ઘર છે, તે ઘરમાં જ હું રહું છું... આજે તો હિંમત કરી લવ-લેટર લખી જ નાખ્યો છે... ૧૪મી તારીખ છે, વેલેન્ટાઈન ડે છે... સમય અનુકૂળ છે.

પ્રિયા, છેલ્લા લગભગ ઘણા વખતથી હું મનોમન તને ઝંખું છું, તારા ઘરની બહાર નીકળવાના સમય, તારો કલાસથી પાછા આવવાનો સમય... વળી ડાન્સ કલાસમાં જવાનો સમય મારા જીવન સમયમાં રોજિંદા ટાઈમ ટેબલમાં વણાઈ ગયો છે...

પરમ દિવસે તે જે લીંબુ કલરનો એટલે કે નહીં બહુ પીળો કે નહીં લીલો એવો કલરનો જે ડ્રેસ પહેર્યો હતો, તેમાં તું સુપર્બ લાગતી હતી... તને દૂરથી જતા - જતા જોતા રહેવું.... અને પછી દેખાતી બંધ થયા પછી એ જ દિશા પકડી રાખવી, એ જે પ્રેમ હોય તો કદાચ મારી ઝંખના એ ચાહતમાં બદલાઈ રહી છે...

યાર ! આજના વ્હોટ્સ એપ અને ટ્વિટરના સમયમાં પ્રેમપત્ર લખવાની હિમાકત કરી છે, તને પસલંદ પડશે કે નહીં તે તો કામદેવ જ જાણે... Sorry Sorry... મહાદેવ જ જાણે...

પણ જોને યાર ! કાલિદાસે તો વાદળને જ સંદેશવાહક બનાવીને પ્રેમનો સંદેશ મોકલ્યો હતો... તે જ કાલિદાસનો વારસ બનીને આ લવલેટર બેધડક મોકલું છું.

પ્રેમ આંધળો હોય છે! એવું કોણે કહ્યું ! પ્રેમ તો સ્વયં પ્રકાસ છે ! પ્રેમ તિમિરમાં એ આગિયો છે જેમે મારા અંતરતમના ચક્ષુ ખોલી નાખ્યા છે...

'એક દૂજે કે લિયે', 'કભી-કભી' અને યશરાજની બધી જ રોમેન્ટીગ મૂવીઝ, કરણ જોહરની બધી પ્રેમ-પારાયણવાળી ફિલ્મો મને આજકાલ ખૂબ ગમવા માંડી છે... બધા જ રોમેન્ટીક ડ્યૂએટ હોઠો પર રમવા માંડ્યા છે... બધું જ રંગીન રંગીન દેખાય છે... નવી નવી કલ્પનાઓ અને સ્વપ્નોના મહેલનું કન્સ્ટ્રકશન હૃદયની NA કલીયર જમીન પર ચાલી રહ્યું છે.

સવારે તારું એક હાસ્ય જોઈ લીધા પછી બાજુવાળા બબૂચક પીન્ટુને પણ રમાડવાનું મન થાય છે... અને પંચાતીયા ચંપાબેનની ચોવટ ણણ મીઠી લાગે છે... તું હોય તો આમ કરીશ... તું આવીશ તો અહીંયા જશું... તું જીવનરથમાં બેસી જઈશ તો... સાગરને પાર લઈ જઈશ... ખરેખર આભના તારા તોડી લાવવા પણ અત્યારે તો સરળ જ લાગી રહ્યા છે... યાર! હું તને અનહદ પ્રેમ કરું છું, તેનું જ આ પરિણામ છે.

પણ જયારે તને ઉદાસ ચહેરા સાથે જોઉં છું ત્યારે હું પણ મૂરઝાઈ જાઉં છું... પેલો પીન્ટુ મને વળી પાછો બબૂચક જ લાગવા માંડે છે, અને ચંપા માસીની પંચાત કાનમાં વાગે છે... તું નથી ત્યારે કશું જ નથી... બધું સૂનું સૂનું છે તેવું અનભવાય છે... આને પ્રેમ જ કહેવાય ને યાર!

પ્રિયા ! આખી દુનિયા મારી સાથે થઈ જાય, પણ તું જો મારી પડખે હોય તો હું હસતો હસતો લઈ લઈશ.

ખબર નહીં કેમ પણ કોઈ દિવસ ગમતા નહોતા એવા જૂના ડ્યૂએટ લતા-રફી ના ગીત હમણા મે ડાઉનલોડ કરી દીધા છે...

કોઈ દિવસ છાપા કે પુસ્તકો વાંચવાનો શોખ નહોતો... પણ હમણા હમણાથી 'શરદ ઠાકર'ની 'રણમાં ખીલ્યું ગુલાબ' કે જય વસાવડાના લેખ કે કાજલ ઓઝા વૈદ્યના લેખો વાંચવાની મજા પડે છે... વળી ઘણીવાર તો એવું લાગે છે કે તેમણે બધાએ મારા જ મનની વાત ચોરીને લખી છે...

ગઈકાલે રસ્તામાં જતો હતો અને રસ્તામાં બોર્ડ વાંચ્યું કે, વાયોલીન અને ગીટાર શીખવવામાં આવશે.... સરગમના 'સ'ની ખબર પડતી નથી પણ હું કલાસ જોઈન્ટ કરી આવ્યો બોલ !

મનના આ ઉમંગો, ઉત્સાહ અને મારી અકથ્ય લાગણીઓને મારે તારા સુધી પહોંચાડવાની છે... તું જલ્દી મળને યાર! એવું બને કે તું સામે આવીને ઊભા રહી જાય ત્યારે હું મૂંગો બની જાઉં... પૂતળાની જેમ ઊભો રહી જાઉં.... કાંઈ કહી જ ન શકું... અત્યારે પણ હું ખરેખર જે તને કહેવા માગુ છું અથવા લખવા માંગુ છું એ કયાં લખી શકું છું... પણ ! મને ખબર છે, જો મારા જેવી જ લાગણી તને પણ મારી પ્રત્યે હશે, તો તું તારું મૂંગાપણું પણ સમજી લઈશ... મારી આંખો વાંચી લઈશ...

તને જોયા પછી તને ચાહ્યા પછી હવે તારી સાથે જ મારા શેષ જીવનની કલ્પનાઓ હું કરવા લાગ્યો છું... તારા મારા પ્રેમમાં કોઈ આછકલાઈ નથી... કોઈ બિભત્સ કે અનુચિત ચેષ્ઠાઓ મારા દ્વારા કયારેય કરાઈ નથી... તને તે અનુભવી જ હશે...

હું એક સંસ્કારી ઘરનો સભ્ય છું, પરંતુ એનો મતલબ એ તો નથી જ ને! કે હું પ્રેમ ન કરી શકું !! મને એવું લાગે છે કે મારી તારા પ્રત્યેની લાગણીની તને જ હજી જાણ નથી... બાકી આખી શેરી જાણે મારા આ રાઝ વિશે જાણી ગઈ હોય તેવી ભીથી મને રહ્યા કરે છે... હજી તો આંખોએ અણસારની આપ-લે કીધી નથી ને હથેળીએ મોરલા બેઠા નથી ત્યાં તો લોક વાતો કરવા લાગ્યું છે... હજી તો ઝંખનાની અવરજવર માંડ શરુ થઈ ને હોઠો ને ટહુકા ફુટ્યા નથી ત્યાં તો ગામ ને ગંધ આવવી શરુ થઈ ગઈ છે !

અને હજી સુધી તને કેમ ખબર નથી પડી !! મારા ઘરના પારીજાતના ફુલોની વચ્ચે આ કાગળને આખી રાત મૂકી રાખ્યો હતો... જેથી તારા હાથમાં આ કાગળ આવે ત્યારે પારીજાતની અસલ સુગંધ તારા સુધી પહોંચે - મારે કોઈ સ્પ્રે કે સેન્ટ જેવી કૃત્રિમ સુગંધથી આ કાગળને સુગંધિત નહોતો કરવો...

મારો પ્રેમ પારીજાતના ફુલોની સુગંધ જેવો ઓરીજીનલ છે... કોઈ ભેળસેળ નથી... અને ભવિષ્યમાં કોઈ ભેળસેળ થશે પણ નહીં... FSSI ગુણવત્તા યુક્ત ઉચ્ચ ક્વૉલિટીનો ISI માર્કા વાળો મારો પ્રેમ હંમેશા રહેવાનો છે... તું આ પ્રેમને સ્વીકારીશ ને !...

લી.
પારીજાતના ઝાડવાળા ઘરનો પ્રેમ.

- jayuoza@gmail.com
Mo.9898046488

પુસ્તકીયા પ્રશ્નોત્તરી ખરી પણ એની સાથે આગળ વધવાનો માર્ગ બતાવે એ શિક્ષક

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

આચાર, વિચાર અને સંસ્કાર વ્યક્તિના મૂલ્યોને ઉજાગર કરતાં મહત્વના પાસાં છે. વળી આ ત્રણેય પાસા ઉપર ચાર બાબતો અસર કરતી હોય છે. પ્રથમ પૂર્વ જન્મના મળેલા સંસ્કારો. એના પછી આવે, માતા-પિતા પાસેથી પ્રાપ્ત થયેલું ભાથું. ત્રીજા ક્રમે મિત્રો તથા સમાજ આવે. છેલ્લે ચોથી પણ સૌથી અગત્યની બાબત છે શિક્ષણની. સમાજના વિકાસ અને પરિવર્તનની જો કોઈ મજબૂત ધરોહર હોય તો એ શિક્ષકો છે. આદિ અનાદિ કાળમાં શિક્ષકનું સ્થાન 'ગુરુ' તરીકે નવાજાતું. એના પાયામાં 'ગુ' એટલે અંધકાર અને 'રુ' એટલે પ્રકાશ. અંધકારથી પ્રકાશ તરફ લઈ જનારને 'ગુરુ'ના સ્થાને મૂકવામાં આવતા.

આજે ગુરુ શિક્ષક, ટીચર, માસ્તરના નામે ઓળખાય છે. એક ઉમદા શિક્ષક સાથે પસાર કરેલો એક દિવસ હૃદયપૂર્વક અભ્યાસ કરેલા એક હજાર દિવસથી વધુ મૂલ્યવાન હોય છે. સારો શિક્ષક આશા, આકાંક્ષા અને કલ્પનાને પ્રજ્વલિત કરીને કંઈક નવું શીખવા પ્રત્યે પ્રેમ વધારે છે. આચાર્ય દેવવ્રતને સમગ્ર દુનિયા ચાણક્યના નામથી જાણે છે. જાણીતી વાત છે કે, એક વાર મગધ રાજ્યમાં ધનનંદના દરબારમાં ચાણક્યનું અપમાન થતાં તેમણે ઢોર ચરાવતાં ચંદુને સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્ય બનાવી દુનિયાને બતાવી આપ્યું કે, શિક્ષકનું સામર્થ્ય શું હોય છે.

વિલિયમ ઓર્થર વર્ડ કહે છે કે, એક શિક્ષક પુસ્તકિયું જ્ઞાન આપી શકે છે. સારો શિક્ષક એને સમજાવી શકે છે, ઉત્તમ શિક્ષક એનો અમલ કરીને બતાવે છે, પરંતુ એક મહાન શિક્ષક વિદ્યાર્થીને પ્રેરણા આપીને ઉપર ઉઠાવે છે. શિક્ષક દરેક જગ્યાએ સન્માન પ્રાપ્ત કરે છે કારણ કે, એ સૌથી સાચો અને સારો મિત્ર હોય છે. વર્ષો પહેલાં એક સંનિષ્ઠ શિક્ષકની પાસેથી પ્રાપ્ત કરેલી શિક્ષાના બીજ સાવરકુંડલામાં હરિયાળું વૃક્ષ બનીને મહોરી ઊઠ્યા.

શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરની કહાની છે. ગુજરાતના જાણીતા સાહિત્યકાર અને મૂળ શિક્ષક એવા શ્રી રતિલાલ બોરીસાગરના વિદ્યાર્થીઓએ અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં એક અનોખો આરોગ્ય યજ્ઞ આરંભીને સેવાની સુવાસ ચોમેર ફેલાવી છે. કહેવું પડે કે, આ વિદ્યાર્થીઓએ એમના ગુરુ રતિલાલ બોરીસાગરનું નામ ઉજાળ્યું છે. અહીં આદરણીય મોરારિબાપુની નિશ્રામાં સાહિત્ય અને શિક્ષણના સમન્વય સમો વાર્ષિકોત્સવ યોજાયો. તેમાં શિષ્યોએ ગુરુ રતિલાલ બોરીસાગરના સન્માન સાથે સેવાનો સંકલ્પ દ્રઢીભુત બનાવ્યો. તમામ વિદ્યાર્થીઓએ નક્કી કર્યું કે, એક એવું આરોગ્ય મંદિર બનાવીએ કે, જેમાં દર્દીનારાયણોની વિના મૂલ્યે સારવાર થાય અને ઉત્કૃષ્ટ સેવા આપી શકાય. જાન્યુઆરી ૨૦૧૫માં સાવરકુંડલામાં હોસ્પિટલનું લોકાર્પણ થયું. આમ જોવા જઈએ તો સાહિત્યકાર વૈચારિક પ્રક્રિયા અને શબ્દો વડે સમાજને શિક્ષિત કરવાનુ કાર્ય કરે છે. એટલે એ અર્થમાં જોઈએ તો સાહિત્યકાર એક શિક્ષક જ છે. ગુજરાતી ભાષાનુ સૌભાગ્ય છે કે, રતિલાલ બોરીસાગર સ્વરૂપે ઉચા ગજાના શિક્ષક અને ઉત્તમ સાહિત્યકારનો કોમ્બો તેને સહજ રીતે મળ્યો છે.

આ આરોગ્ય મંદિરમાં આવતાં દર્દીઓનું નિદાન, સારવાર, મેડિકલ ટેસ્ટ અને સાત્વિક ભોજનની સવલત નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે. અત્યાર સુધીમાં આંખો પહોળી થઈ જાય એટલાં પાંચ લાખથી વધુ દર્દીઓની આરોગ્ય મંદિરમાં નિઃશુલ્ક આરોગ્ય સેવા કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૫માં જનરલ ઓપીડી, મેડિકલ સ્ટોર્સ, પેથોલોજી, ગાયનેક, ડાયાલિસિસ વિભાગ સાથે આરોગ્ય મંદિરે દર્દીનારાયણોની સેવાનો યજ્ઞ આરંભ્યો. એક વર્ષ બાદ ૨૦૧૬માં ફીઝીયોથેરેપી, હોલિસ્ટિક સેન્ટર અને પ્રસાદગૃહ સાથે આરોગ્ય મંદિરે તેની આરોગ્ય સેવાને વધુ પ્રબળ બનાવી. બે વર્ષ એટલે ૨૦૧૭માં પીડિયાટ્રિક વિભાગ, ડેન્ટલ વિભાગ અને ૨૦૧૮માં આઈસીયુ, રેડિયોલોજી વિભાગ, મોબાઈલ ક્લિનિક, ટેલી કન્સલ્ટિંગ અને સર્જિકલ વિભાગ સાથે બોરીસાગર સાહેબના વિદ્યાર્થીઓએ આરોગ્ય મંદિરની સેવાઓને વધુ વિકસાવી.

એક શિક્ષકની પ્રેરણા, શિક્ષણ અને સંસ્કારે વિદ્યાર્થીઓના કરેલા ઘડતરની આ એક અદભુત કહાની છે. બાળપણમાં માનસપટ પર પડેલી છાપ અમીટ અને કાયમી એટલા માટે બની જાય છે કે, બાળમાનસ અત્યંત નાજૂક હોય છે. એ સમયે મનમાં પડેલી એક વાત જીવનભરનું ભાથું બની જતી હોય છે. શિક્ષક રતિલાલ બોરીસાગર પાસેથી પ્રાપ્ત કરેલા સંસ્કારવારસાને તેમના વિદ્યાર્થીઓએ સેવાની સાધનામાં પલટાવીને સમાજને એક નવતર ચીલો ચાતરી આપ્યો છે. સપનાની શરૂઆત શિક્ષક સાથે થાય છે. જે વ્યક્તિમાં આત્મવિશ્વાસ આપી એને ખેંચીને, ધક્કો મારીને ઉપર લઈ જાય છે. જો દ્રોણાચાર્ય ન હોત તો કદાચ અર્જૂન ન હોત. એ જ પ્રમાણે જો રામકૃષ્ણ પરમહંસ ન હોત તો વિવેકાનંદ ક્યાંથી મળ્યા હોત ? જો આચરેકર ન હોત તો ક્રિકેટિંગ ગોડ સચિન તેંડુલકરનો પરિચય દુનિયાને ન થયો હોત.

જાણીતા શિલ્પકાર માઈકલ એન્જેલોની વાત છે. એક વખત એમને આરસની સરસ મૂર્તિ બનાવવાનો વિચાર આવ્યો. આરસપહાણ પથ્થનો ટૂકડો ખરીદવા માટે માઈકલ એન્જેલો પાસે પૂરતા પૈસા નહતાં. બજારમાંથી પસાર થતાં રસ્તામાં પડેલાં એક ગંદા અને ખરબચડાં આરસપહાણના પથ્થના ટૂકડા પર એમની નજર પડી. માઈકલ એન્જેલોએ એ પથ્થરનો ટૂકડો લઈને રોડની બાજુમાં આવેલી મારબલની દુકાનમાં જઈને એના માલિકને પૂછ્યું, 'શું આ પથ્થર તમારો છે ? તમને આ પથ્થર ઉપયોગી છે ?' દુકાનના માલિકે કહ્યું, 'ના ભાઈ, આનો ઉપયોગ નથી એટલે જ તો મેં એને ફેંકી દીધો છે.' માઈકલ એન્જેલોએ કહ્યું, 'શું હું આ પત્થરનો ટૂકડો લઈ જઈ શકું.' દુકાનના માલિક કહ્યું, 'ચ